# હાડવૈદ્યની હડફેટે




અમુક હાડવૈદ્ય કેટલીક વાર દર્દી માટે 'હાર્ડવૈદ્ય' પુરવાર થાય છે. જો દેખાદેખીમાં હાડવૈદ્ય થયા હોય તો! જો કે હાડવૈદ્ય બનવા માટે હાર્ડવર્ક કરીને કોઈ સ્પેશિયલ ડિગ્રી મેળવવાની જરૂર નથી. આવા હાડવૈદ્યના સાઈનબોર્ડ ઓર્થોપેડિક સર્જનના સાઈનબોર્ડ કરતાંય મોટાં હોય અને ઝળહળતાં હોય છે. કોઈ સારા હાડવૈદ્યના હાથ નીચે કામ કરીને, લાંબા ગાળાનો અનુભવ મેળવીને સારા હાડવૈદ્ય બની શકાય છે. અથવા તો સ્વઘોષિત પદ્ધતિથી હાડવૈદ્ય બની શકાય છે.

બહુ વર્ષો પહેલાં અમારા બાજુના ગામમાં હનુબાપા હાડવૈદ્ય હતા. તેઓ સ્વઘોષિત હાડવૈદ્ય હતા. તે પોતે સરાજાહેર કહેતા કે આ હાડવૈદ્યનું હું કોઈની પાસે શીખ્યો નથી. આ તો બધું હું મારી હૈયાઉકલતથી શીખ્યો. આવા હૈયાઉકલતવાળા હાડવૈદ્ય દર્દીને ક્યારે ઉકેલી મૂકે કાંઈ કહેવાય નહીં. જો કે હાડવૈદ્યના ધંધામાં દર્દીનું ઉકલી જવાનું ટેન્શન બહુ રહેતું નથી. હાડવૈદ્યની હાટડીએ ગયેલો દર્દી હાર્ડવૈદ્યની હાર્ડ ટ્રીટમેન્ટ વખતે ઊંચા સાદે એવી બૂમો પાડે કે 'ઓ..ઓ..બાપ..રે..એ..મરી ગયો..ઓ..ઓ.., ઓ ઓ..ઓ..બાપ..રે..એ..મરી ગયો..ઓ..ઓ..!' પણ તે મરી જતો નથી. જ્યારે કોર્પોરેટ હોસ્પિટલોમાં દાખલ થયેલો દર્દી ક્યારેક એક પણ શબ્દ બોલ્યા વિના ક્યારે મરી જાય છે ખબરેય નથી પડતી.

અમારા બાજુના ગામના પ્રખ્યાત(!) હાડવૈદ્ય હનુબાપા 'કાળઝપટ બાબા'ના ઉપાસક હતા. તે હાડવૈદ્ય હોવા ઉપરાંત વીંછી અને સાપ પણ ઉતારતા. આમ તેઓ દર્દીઓના ઊતરી ગયેલા હાથપગ ચડાવતા અને સાપ વીંછી ઉતારતા. આમ તેઓ મલ્ટી સ્પેશ્યાલિસ્ટ હતા. તે આજુબાજુનાં ગામડાંઓમાં પ્રખ્યાત થઈ ગયા તેનું એક જ કારણ હતું કે તેઓ સ્વઘોષિત હાડવૈદ્ય હતા. ઉપરાંત તેમની આવડત કરતાં આત્મવિશ્વાસ અનેક ગણો મોટો હતો અને આત્મવિશ્વાસ કરતાંય મોટી એમની વાતો હતી. તે પૂળોપૂળો મૂછો રાખતા. દાઢી વિધિવત રીતે રાખતા નહોતા પણ જ્યારે જુઓ ત્યારે એમની દાઢી ઓછામાં ઓછી દશ-પંદર દિવસની વધેલી તો હોય જ. તેમની એક આંખ લાલ અને વધુ પડતી મોટી હોય એવું લાગતું. તેને કારણે બીજી આંખ નાની લાગતી પણ હકીકતમાં બીજી આંખ નોર્મલ જ હતી.

એક વાર મારો મિત્ર પોતાના મકાનની દીવાલ પરથી પડી ગયો. તેને જમણા પગમાં વાગ્યું. પગ બહુ દુખવા લાગ્યો. ગામના વડીલોએ સલાહ આપી કે આને હનુબાપા હાડવૈદ્ય પાસે લઈ જાઓ. કારણ કે 'પચાસ પચાસ કોશ તક' હનુબાપા હાડવૈદ્યનું નામ પડતા જ દર્દીનું દર્દ અડધું થઈ જતું. (કારણ કે હનુબાપાની ટ્રીટમેન્ટનું દર્દ એટલું ભયંકર હતું કે દર્દી મૂળ દર્દ ભૂલી જ જતો) અમે મિત્રને બળદગાડામાં નાખીને તાબડતોબ હનુબાપાને ત્યાં લઈ ગયા. મિત્રની સાથે હું, મિત્રના બાપુજી અને મોટાભાઈ હતા. અમે હનુબાપાની હાટડીએ પહોંચ્યા. મિત્રને ગાડામાં મૂકી મેં અને તેના મોટાભાઈએ હનુબાપા પાસે જઈને વ્યથા વર્ણવી. ઉનાળાની ભયંકર ગરમી હતી. હનુબાપા તેના કંકાલ ક્લિનિકમાં (એટલે કે હાડવૈદ્યની હાટડીમાં) તેલનો જૂનો ડબ્બો ઊંધો મૂકી, તેના પર કોથળો નાખીને બેઠા બેઠા નાળિયેરની કાચલીમાં ચા પી રહ્યા હતા. અમારી વાત સાંભળી તેમણે મુગલે આઝમના શહેનશાહ જલાલુદ્દીન અકબરની અદાથી આંગળીથી 'મરીઝ-એ-કદમ, કો પેશ કિયા જાય'નો ઈશારો કર્યો અને અમે મિત્રને ઉપાડી લાવી તેમના ચરણોમાં ધર્યો. તેમણે ચા ની ખાલી કાચલીનો બહાર ઘા કર્યો પછી હોકલીમાં (નાની ચલમમાં) ઝરદો ભરી અને ચકમકથી ચલમ જગાવી અને ચલમનો નાભિકમળ સુધીનો ઊંડો દમ મારી, ધુમાડાના ગોટેગોટા કાઢતા કાઢતા અમારા મિત્ર સામે તિરસ્કાર ભરી નજરે જોઈ રહ્યા. કારણ કે મિત્રની આંખમાં આંસુ હતા. તેઓ કોઈના આંસુ સહન કરી શકતા નહોતા.

આવા સ્વઘોષિત હાડવૈદ્યની એક વિશેષતા એ હોય છે કે ધારો કે કોઈનો હાથ મરડાઈ ગયો છે અને તે હાથને જમણી બાજુ વાળવામાં આવે તો બહુ દુખતો હોય છે, તો આવા હાડવૈદ્ય દર્દીનો હાથ પકડીને તેને જમણી બાજુ જ બે-ચાર વાર વાળીને, મરડીને દર્દીને ધોળે દિવસે તારા દેખાડીને પૂછે કે 'આ બાજુ વાળીએ ત્યારે દુખે છે?' દર્દી મનોમન કેટલાક 'વિશેષણો' સાથે બોલી ઉઠે કે અરે બાપા પહેલા ત્રણવાર તો કીધું છતાં મરડવાની શી જરૂર છે.

આખરે તેમણે ચલમને અગ્નિવિરામ આપ્યો. એટલામાં જ એક બહેન પણ આવ્યા. એમનો હાથ ભાંગ્યો હતો. તે પણ ત્રીસેક વર્ષના હતા. હનુબાપાએ અમારા મિત્રના પગ સાથે 'ઉપર જણાવ્યા મુજબ'ની ટ્રીટમેન્ટ ત્રણેક વાર કરી. મિત્ર બિચારો મોત ભાળી ગયો હોય એવી બૂમો પાડવા લાગ્યો. ત્યારે પેલા બહેનની હાજરીમાં હનુબાપાએ નફરતના સ્વરે કહ્યું, "અલ્યા તું તો સાવ બાયલો છે, વેવલો છે. જરાક અડીએ ત્યાં રાડ્યું નાખે છે!" એટલે મિત્ર બોલ્યો, "તમને આવી પીડા થાય તો ખબર પડે બાપા!" આ સાંભળતા જ ઉનાળાની ભયંકર ગરમીમાં ચા અને ચલમ પીને ઓલરેડી તપેલા હનુબાપા ધોમ તપ્યા અને, મોટી થઈ ગયેલી લાલ આંખ પોતાના હાથથી બતાવતા બોલ્યા, "આ જોઈ?" મિત્ર હકારમાં માથું હલાવ્યું.

તપેલા હાડવૈદ્ય બોલ્યા, "તારા જેવડો હતો ત્યારે દીપડા હારે બથ્થમબથ્થા આવ્યો'તો. એમાં દીપડાએ આ આંખ ઉપર પંજો મારી આંખ ચીરી નાખી. છતાં લોહી નિતરતી આંખે દીપડા હારે બાઝ્યો અને દીપડાનું જડબું ચીરી નાખ્યું 'તું." આ સાંભળી મિત્ર મનોમન બોલ્યો કે અહીં પગ સમોસાજો કરાવવા કરતાં દીપડા સાથે બથ્થમબથ્થા આવવું સારું.

**તપેલા હાડવૈદ્ય બોલ્યા, "તારા જેવડો હતો ત્યારે દીપડા હારે બથ્થમબથ્થા આવ્યો 'તો. એમાં દીપડાએ આ આંખ ઉપર પંજો મારી આંખ ચીરી નાખી. છતાં લોહી નિતરતી આંખે દીપડા હારે બાઝ્યો અને દીપડાનું જડબું ચીરી નાખ્યું 'તું." આ સાંભળી મિત્ર મનોમન બોલ્યો કે અહીં પગ સમોસાજો કરાવવા કરતાં દીપડા સાથે બથ્થમબથ્થા આવવું સારું**

**નબોલવામાં નવ ગુણ**
**★ નટવર પંડયા**

આટલી ટ્રીટમેન્ટ કરી મિત્રને પડતો મૂકી તેમણે પેલા બહેનને થોડા ઓછા બરછટ અવાજે પૂછ્યું, "શું નામ? કયું ગામ? શું થયું?" તેમણે એક સાથે ત્રણ પ્રશ્નો કર્યા અને ત્રણે ત્રણના જવાબ આપવા ફરજીયાત હતા.

બહેને કહ્યું, "નામ દૂધીબેન, ગામ દૂધીવદર, ઘરની પછીતે ગાર કરતી'તી તે નિસરણી પરથી પડી. તેમાં હાથમાં વાગ્યું, બહુ દુખે છે. હાથ ડાબી બાજુ વાળીએ તો રાડય બોલે છે." હનુબાપાએ તે બહેનનો હાથ પકડીને ધીમેથી જમણી બાજુ વાળ્યો એટલે બહેનને બહુ પીડા ન થઈ. આમ દૂધીબહેનનો હાથ બે ચાર વાર સાનુકૂળ દિશામાં મરડીને હાડવૈદ્યે અમારા મિત્ર સામે કટાક્ષ ભરી નજરે જોયું.

પછી તેઓ બહેનનો હાથ મૂકી મિત્રના પગ પાસે આવ્યા. મિત્રે ગભરાઈને દુખતો પગ ખેંચી લીધો. હનુબાપાએ તેના 'નહિ દુખતા પગ'ને પકડીને એવો મરડ્યો કે નહિ દુખતા પગની પીડાને કારણે મિત્રથી દુઃખતો પગ લાંબો થઈ ગયો. જેવો મિત્રે દુઃખતો પગ લાંબો કર્યો કે જેમ ઝરખ હાડકું પકડે એમ હનુબાપાએ દુઃખતો પગ પકડી લીધો. પછી તેઓ બોલ્યા, "જોયું સીધી આંગળીએ ઘી ના નીકળે." ફરીથી તેણે મિત્રના દુખતા પગને નિર્દયતાપૂર્વક દશે દિશામાં ઘૂમાવ્યો અને હનુબાપાએ દશ પ્રશ્નો પૂછ્યા. મિત્રે લગભગ ત્રીસવાર બૂમ પાડી. મિત્રનું પ્રશ્નપત્ર બહુ અઘરું નીકળ્યું. એમાં છેલ્લે આઠમી દિશાએ પહોંચ્યા'તા. ત્યાં મિત્રના પિતાથી દીકરાનું દર્દ ન જોવાયું. એટલે તેઓ બોલ્યા, "હનુબાપા જરા ધીમે ધીમે, છોકરો બિચારો રાડ્યું દે છે." તરત જ તેમણે દીકરાનો પગ બાપાના હાથમાં આપતા કહ્યું, "તો તમે કરી લો." વળી મિત્રના પિતાજી કરગર્યા. પિતાજીને થયું કે આનો સાલાનો પીત્તો છટકેલ છે. પછી હનુબાપા પિતાને સંબોધીને બોલ્યા, "શું છોકરો રાડ્યું દે છે! અરે અહીં દર્દીઓ રોતાં રોતાં આવે છે ને દાંત કાઢતાં કાઢતાં (હસતા હસતા) જાય છે. અહીં માણહને ગાડામાં નાખીને લાવે છે ને દોડતો દોડતો જાય છે." મિત્રના પિતાજીએ કહ્યું, "બાપા ભૂલ થઈ ગઈ, હવે નહીં બોલું. પણ તમે છોકરાનો પગ સાજો કરો."

હનુબાપાએ કોઈ જવાબ આપ્યા વિના બહેનનો હાથ પકડ્યો અને કહ્યું, "દૂધીબાઈ, પગ લાંબા કરીને બેસી જાવ." બહેન બેઠા. હનુબાપા એ તેમની કોણી પાસેથી હાથ આમતેમ ફેરવીને કહ્યું, "બેન, તમારો હાથ ભાંગ્યો નથી, પણ ખડી ગયો છે, ઉતરી ગયો છે." એટલે હાથને ત્રણ ઝટકા મારવા પડશે એટલે ચડી જશે. બેને અમારા મિત્રને બોકાહા દેતો જોયો હતો. એટલે ત્રણ ઝટકાની વાત સાંભળતાં જ તેઓ ઊંચા સાદે રડવા માંડ્યા. તેમને રડતા જોઈ તપી ગયેલા હાડવૈદ્ય એનાથી ય ઊંચા અવાજે બોલ્યા, "એ બાઈ આ શું માંડ્યું છે?

તું મારા ખરખરે આવી છો? હું હજી મર્યો નથી જીવતો છું!" પણ બાઈ મનોમન બોલી હશે કે હવે હું મોત ભાળી જઈશ. એટલામાં જ એક વ્યક્તિ હાંફળો ફાફળો દોડી આવ્યો અને બોલ્યો, "હનુબાપા, હનુબાપા, મારા બાપાને સાપ કરડ્યો છે, જલ્દી ચાલો." હનુબાપા તરત જ ઊભા થઈ ગયા અને બંને દર્દીને કહ્યું, "તમે બેઉ ત્રણ દી'પછી આવજો. મારે સાપ કરડ્યો ત્યાં જવું પડશે. તમારા હાથ પગ તો ત્રણ દી પછી ય સાજા થશે." આટલું કહી હનુબાપા વાવાઝોડાની જેમ ઉપડ્યા. હનુબાપાને ગયેલા જોઈ મારા મિત્રને હોંશ આવ્યા અને પેલા બેન પણ રડતા બંધ થઈ ગયા. મિત્ર બોલ્યો, "બાપુજી હવે મને ડૉક્ટર પાસે લઈ જાવ."

## ગરમાગરમ

**'જિંદગી ચાર દિન કી હોતી હૈ.' પણ તેની ખબર માણસને ચોથા દિવસે પડે છે!**